# ભારત-બાંગ્લાદેશ વચ્ચે ઐતિહાસિક જમીન સરહદી સમજૂતિ

ઢાકા,તા. ૬

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આજે ઐતિહાસ જમીન સરહદી સમજૂતિને બહાલી આપી દેવાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની ઉપસ્થિતિમાં જમીન સમજૂતિના બહાલી સાથે સંબંધ દસ્તાવેજોની આપલે કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અગાઉ બાંગ્લાદેશની ઐતિહાસિક યાત્રાએ પહોચ્યા હતા ત્યારબાદ તેમના એક પછી એક કાર્યક્રમોની શરૂઆત થઈ હતી. વડાપ્રધાન મોદી સૌથી પહેલા બાંગબંધુ મેમોરિયલ મ્યુઝિયમ ખાતે પહોંચ્યા હતા અને બાંગ્લાદેશના પ્રથમ વડાપ્રધાન શેખ મુજીબુર રહેમાનને શ્રદ્ધાંજલિ આપી હતી. મોદી થોડાક સમય સુધી આ મ્યુઝિયમમાં રોકાયા હતા. મોદીએ ઢાકામાં રાષ્ટ્રીય મેમોરિયલ ઉપર જઈને ૧૯૭૧ના યુદ્ધના શહીદોને પણ શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ શાનદાર સ્વાગત કરવા બદલ બાંગ્લાદેશી વડાપ્રધાન શેખ હસીનાનો આભાર માન્યો હતો. મોદી આઈએએફના વિમાન મારફતે ઢાકા પહોંચ્યા હતા જ્યાં શેખ હસીનાએ તમામ પ્રોટોકોલને તોડીને મોદીનું વિમાની મથકે સ્વાગત કર્યું હતું. વિમાની મથકે બાંગ્લાદેશના અનેક પ્રધાનો અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ૧૯ ટોપની સલામી પણ આપવામાં આવી હતી. અગાઉ મોદી આજે વહેલી સવારે બે દિવસની યાત્રાએ જવા રવાના થયા હતા. અગાઉ ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બે દિવસની ઐતિહાસિક યાત્રાએ બાંગલાદેશ પહોંચી ગયા હતા. બાગ્લાદેશ પહોંચ્યા બાદ તેમના વિવિધ કાર્યક્રમોની શરૂઆત થઈ હતી.બાગ્લાદેશ પહોંચ્યા બાદ તેમનુ લાલ જાજમ બિછાવીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. વડાપ્રધાન શેખ હસીના પોતે તેમના સ્વાગત કરવા માટે પ્રોટોકોલ તોડીને વિમાનીમથકે પહોંચ્યા હતા. બાંગલાદેશ સાથે દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જવાના મક્કમ ઈરાદા સાથે મોદીની યાત્રાને જોવામાં આવે છે. મોદીએ ત્યારબાદ એકપછી એક કાર્યક્રમોમાં ભાગ લેવાની શરૂઆત કરી હતી. આ બે દિવસની યાત્રા દરમિયાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કેટલાક કરાર કરવામાં આવે તેવી શક્યતા છે. મોદી માટે શેખ હસીના દ્વારા વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે મોદી થોડાક દિવસ પહેલાથી ચીન, દક્ષિણ કોરિયા અને મોંગોલિયાની યાત્રા કરીને પરત ફર્યા છે. ત્રણેય દેશો સાથે શ્રેણીબદ્ધ સમજુતી કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદીની એકપછી એક એક વિદેશ યાત્રાને લઈને તેમની ટિકા પણ થઈ રહી છે. જો કે વિદેશ યાત્રા દરમિયાન દરેક દેશ સાથે ભારતના સંબંધ વધુને વધુ મજબુત બની રહ્યા છે.



## જમ્મુ : શીખ સમુદાયના હિંસક પ્રદર્શનનો અંત, સ્થિતિ સુધરી

જમ્મુ,તા. ૬

જમ્મુમાં શીખ સમુદાય દ્વારા વિરોધ પ્રદર્શનનો અંત લાવી દેવામાં આવતા જનજીવન હવે સામાન્ય બની રહ્યું છે. શીખ ત્રાસવાદી જર્નેલસિંગના પોસ્ટરોને દૂર કરવાને લઈને હિંસક વિરોધ પ્રદર્શનની સ્થિતિ હાલમાં જોવા મળી હતી. વિરોધ પ્રદર્શનના વિસ્તારમાંથી સેનાને આજે પાછી ખેંચી લેવામાં આવી હતી. આની સાથે શીખ સમુદાયના સભ્યોએ તેમના દેખાવો પણ પાછા ખેંચી લીધા હતા. સેનાના જવાન અસરગ્રસ્ત વિસ્તારમાંથી ખસી ચુક્યા છે. હિંસાગ્રસ્ત વિસ્તારમાં સંચારબંધી ઉઠાવી લેવામાં આવી છે. જર્નેલસિંગના પોસ્ટરો દૂર કરી દેવામાં આવતા વિરોધની શરૂઆત થઈ હતી જેથી સુરક્ષા દળો દ્વારા કરાયેલા ગોળીબારમાં એક યુવાનનું મોત થયું હતું. એક યુવાનના મોતથી અન્ય વિસ્તારોમાં પણ હિંસા ભડકી ઉઠી હતી જેથી સેનાને બોલાવવાની ફરજ પડી હતી. અચોક્કસ મુદતની સંચારબંધી જમ્મુના વિવિધ ભાગોમાં લાગૂ કરવામાં આવી હતી.

જો કે, સ્થિતિમાં સધારો થયો હતો. બજારો, જાહેર પરિવહનની સેવા, અન્ય વેપારી કારોબારમાં યથાવતરીતે કામ થયું હતું. અલબત્ત માર્ગો ઉપર ઓછા વાહનો દેખાયા હતા. જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સસ્પેન્ડ કરી દેવામાં આવેલી ઈન્ટરનેટ કનેક્ટિવીટીની સેવા ફરી શરૂ કરાઈ છે. જો કે, સાવચેતીના પગલારુપે જમ્મુ, પુંચ, સાંબા, કથુઆ, રાજૌરીમાં આજે પણ બંધ રાખવામાં આવ્યું હતું. શીખ સમુદાય સાથે સમજૂતિ થયા બાદ સત્તાવાળાઓએ જમ્મુના પોલીસ અધિકારી ઉત્તમચંદની બદલી કરી દીધી છે અને અન્ય એક પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરી દીધા છે. સતવારી પોલીસ સ્ટેશન સામે એફઆઈઆર પણ દાખલ કરાઈ છે. માર્યા ગયેલા યુવાનના પરિવારને પાંચ લાખ રૂપિયાનું વળતર અને સરકારી નોકરી નજીકના વ્યક્તિને આપવાની ખાતરી અપાઈ છે.

## ભારત-બાંગ્લાદેશ વચ્ચે બે બસ સેવા અંતે લોન્ચ કરાઈ

ઢાકા,તા. ૬

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કનેક્ટિવીટીને વધારવાના હેતુસર બે બસ સેવા શરૂ કરવામાં આવી ચુકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, તેમના બાંગ્લાદેશી સમકક્ષ શેખ હસીના, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી દ્વારા આ બે બસ સેવાને લીલીઝંડી આપવામાં આવી હતી. બસ સેવા કોલકાતા-ઢાકા-અગરતલા અને ઢાકા-શિલોંગ-ગુવાહાટી પશ્ચિમ બંગાળ અને ત્રણ ઉત્તર પૂર્વીય રાજ્યોને પાટનગર ઢાકા સાથે જોડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઐતિહાસિક યાત્રાએ આજે ઢાકા પહોંચ્યા હતા. મોદીએ અગરતલા-ઢાકા-કોલકાતા સર્વિસની પ્રતિક ટિકિટ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાને સોંપી હતી જ્યારે ઢાકા-શિલોંગ-ગુવાહાટીની પ્રતિક ટિકિટ શેખ હસીનાએ નરેન્દ્ર મોદીનો સોંપી હતી. મમતા બેનરજીએ કોલકાતા-ઢાકા-અગરતલા સર્વિસની પ્રતિક ટિકિટ શેખ હસીનાને સોંપી હતી. બસ સેવાનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે



લોકોના વચ્ચેના સંબંધોને મજબૂત કરવાનો છે. કોલકાતા-અગરતલા-ઢાકા રુટ ઉપર બે બસ દોડાવાશે જે પૈકી એક પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા અને બીજી ત્રિપુરા સરકાર દ્વારા દોડાવવામાં આવશે. ઢાકા-શિલોંગ-ગુવાહાટી રુટ ઉપર બસ સેવા બાંગ્લાદેશી સરકાર દ્વારા ચાલવવામાં આવશે. આ રુટ ઉપર બસ ગુવાહાટી અને ઢાકાથી એક સપ્તાહમાં ત્રણ વખત ઓપરેટ થશે. ઉત્તરપૂર્વીય રાજયો ત્રિપુરા, મેઘાલય, આસામના લોકોને આ બે સેવાથી સીધો લાભ થશે. ભારતના પૂર્વીય પડોશી સાથે વ્યાપક સરહદી વિસ્તાર જોડાયેલા છે. કોલકાતા-ઢાકા-અગરતલા સર્વિસ પશ્ચિમ બંગાળ વચ્ચે ૫૬૦ કિલોમીટરના અંતરને કાપશે. હાલમાં ઢાકા-કોલકાતા અને ઢાકા-અગરતલા વચ્ચે અલગ બસ સેવા ઓપરેશનમાં છે. બંને દેશો સંબંધોને મજબૂત કરવા માટે રેલવે કનેક્ટિવીટી પણ ઈચ્છે છે. ખાસ કરીને રેલવે સંબંધો મજબૂત કરવાની દિશામાં પગલા લેવાઈ રહ્યા છે. નરેન્દ્ર મોદી આજે બાંગ્લાદેશની યાત્રાએ સવારે પહોંચ્યા હતા. મોદી એક પછી એક વિદેશ યાત્રા કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે મોદી થોડાક દિવસ પહેલાથી ચીન, દક્ષિણ કોરિયા અને મોંગોલિયાની યાત્રા કરીને પરત ફર્યા છે. ત્રણેય દેશો સાથે શ્રેણીબદ્ધ સમજુતી કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદીની એકપછી એક એક વિદેશ યાત્રાને લઈને તેમની ટિકા પણ થઈ રહી છે. જો કે વિદેશ યાત્રા દરમિયાન દરેક દેશ સાથે ભારતના સંબંધ વધુને વધુ મજબુત બની રહ્યા છે. હવે બાંગ્લાદેશ સાથે પણ તેમના સંબંધ મજબૂત કરવા દિશામાં મોદી આગળ વધી રહ્યા છે.

## કુપવારામાં ઘુસણખોરીનો પ્રયાસ થયો : ૩ મોતને ઘાટ

શ્રીનગર,તા. ૬

જમ્મુ કાશ્મીરમાં કુપવારા જિલ્લાના તુતમાર ગલી વિસ્તારમાં ભારતીય સેના દ્વારા ઘુસણખોરીના એક મોટા પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો છે. ત્રાસવાદીઓ દ્વારા ઘુસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યા બાદ ત્રણ ત્રાસવાદીઓને ઠાર મારી દેવામાં આવ્યા હતા. હાલમાં પાકિસ્તાનમાં સક્રિય થયેલા અને હથિયારોની તાલીમ મેળવી ચુકેલા ત્રાસવાદીઓ ઘુસણખોરી કરવા માટેના તમામ પ્રયાસ કરી રહ્યા છે. બીજી બાજુ ભારતીય સેના પણ તેમના પ્રયાસને નિષ્ફળ બનાવી દેવા માટે તૈયાર છે. ભારતીય સેના દ્વારા હાથ ધરવામાં આવેલા પગલાના કારણે ત્રાસવાદીઓ તેમના ઈરાદામાં સફળ સાબિત થઈ રહ્ય નથી. પ્રાપ્ત અહેવાલ મનુજબ તુતમાર ગલી મારફતે આજે સવારે ત્રણથી ચાર ત્રાસવાદીઓએ ઘુસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. સેનાએ ઘુસણખોરી કરી રહેલા ત્રાસવાદીઓને પડકાર ફેંકતા ત્રાસવાદીઓએ ગોળીબાર કર્યો હતો. જેના જવાબમાં સેનાના જવાનોએ પણ ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારની રમઝટ કેટલાક સમય સુધી ચાલી હતી. જેમાં બે ત્રાસવાદીઓ ઠાર થઈ ગયા હતા. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે પણ ઓપરેશન જારી રહ્યું હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે મંગળવારે પણ ચાર ત્રાસવાદીઓ ઠાર થયા હતા. જ્યારે કુપવારા જિલ્લામાં તંગધાર ખાતે અન્ય એક ત્રાસવાદીનો મૃતદેહ મળી આવ્યો હતો. માર્યા ગયેલા ત્રાસવાદીઓની પાસેથી હાલમાં કેટલાક ઘાતક હથિયારો પણ મળી આવ્યા છે. જેમાં ચાર એકે-૪૭ રાઈફલ અને એક યુબીજીએલનો સમાવેશ થાય છે. સેના દ્વારા હાલમાં ત્રાસવાદીઓના ઘુસણખોરીના કેટલાક પ્રયાસો નિષ્ફળ કરીને મોટી ઘાત ટાળી દીધી છે.

ઘુસણખોરીનો મોટો પ્રયાસ ફરીવાર નિષ્ફળ બનાવવામાં આવ્યો છે. બે સપ્તાહના ગાળામાં સેનાએ ત્રીજી વખત ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે. મંગળવારના દિવસે પણ આવો જ એક પ્રયાસ કરાયો હતો.

## જયાની સંપત્તિ માત્ર ચાર વર્ષમાં જ બે ગણી થઈ છે

ચેન્નાઈ,તા. ૬

તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાની સંપત્તિ ચાર વર્ષના ગાળામાં વધીને બે ગણી થઈ ગઈ છે. વર્ષ ૨૦૧૧માં તેમની સંપત્તિ ૫૧.૪૦ કરોડ હતી જે હવે વધીને ૧૧૭.૧૩ કરોડ થઈ ગઈ છે. આરકેનગર પેટાચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરતી વેળા રજૂ કરવામાં આવેલી એફિડેવિટમાં તેમની સંપત્તિની વિગત જાહેર થઈ છે. વર્ષ ૨૦૧૧ વિધાનસભાની ચૂંટણી માટે શ્રીરંગમમાં એફિડેવિટ દાખલ કરી ત્યારે જયલલિતાની સંપત્તિ ૫૧.૪૦ કરોડ રૂપિયા હતી જે હવે વધીને ૧૧૭.૧૩ કરોડ થઈ છે. વર્તમાન એફિડેવિટ દર્શાવે છે કે, અન્નાદ્રમુકના વડાની સંપત્તિ ખુબ જ જંગી પ્રમાણમાં છે. ચેન્નાઈમાં તેમના આવાસની સંપત્તિ કુલ સંપત્તિ પૈકીની મોટી સંપત્તિ છે. જયલલિતાએ કહ્યું છે કે, તેમની પાસે ૪૩.૯૬ કરોડની કિંમતની અન્ય એક જમીન પણ છે. જયલલિતાને હાલમાં જ અપ્રમાણ સંપત્તિ કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. આ અગાઉ જયલલિતાને અપરાધી ઠેરવીને સંપત્તિ કેસમાં આકરી સજા અને ૧૦૦ કરોડનો દંડ કરાયો હતો પરંતુ ઉચ્ચ અદાલતે તેમને નિર્દોષ જાહેર કરતા તેઓ ફરી મુખ્યમંત્રી બન્યા છે. હવે આરકેનગરમાંથી પેટાચૂંટણી લડવા જઈ રહ્યા છે. ૨૭મી જૂનના દિવસે પેટાચૂંટણી યોજાનાર છે. ૨૫ પાનાની એફિડેવિટમાં જયલલિતાએ કહ્યું છે કે, જુદી જુદી બેંકોમાં ૯.૮૦ કરોડ રૂપિયા તેમના જમા છે. તેઓએ પાંચ કંપનીઓના ૩૧.૬૮ કરોડ રૂપિયાનું રોકાણ કરેલું છે જેમાં જયા પબ્લિકેશનનો સમાવેશ થાય છે. જયલલિતાની પાસે કુલ ૯ વાહનો છે જેની બજાર કિંમત ૪૨.૨૫ કરોડ રૂપિયા છે. તેમની પાસે જંગી સોનું પણ રહેલું છે. અપ્રમાણ સંપત્તિ કેસમાં તપાસ દરમિયાન ૨૧ કિલો સોનાની વસ્તુઓ અને ચાંદીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો જે કર્ણાટક સરકારની તિજોરીમાં છે.

## શરાબ પર રોક બાદ કેરળનો પ્રવાસ પ્રવાસી ટાળી રહ્યા છે

નવી દિલ્હી,તા. ૬

તાજેતરમાં જ કરવામાં આવેલા રસપ્રદ સર્વેમાં જાણવા મળ્યું છે કે કેરળમાં શરાબના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ કેરળ જવાની યોજના બનાવી રહેલા લોકો તેમની યોજનામાં ફેરફાર કરી રહ્યા છે. સર્વેમાં જાણવા મળ્યું છે કે ૧૦ પ્રવાસી પૈકીના ૬ પ્રવાસી હવે કેરળમાં તેમની ટ્રીપને ટાળી રહ્યા છે. ૩૦ શહેરોને આવરી લઈને કરવામાં આવેલા નવા સર્વેમાં આ મુજબની બાબત સપાટી પર આવી છે. કેરળ સરકાર માટે પણ આ સર્વેના તારણો નિરાશ કરનાર છે. સર્વેમાં જાણવા મળ્યું છે કે શરાબ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ કેરળ જવા ઈચ્છુક લોકો તેમની યોજના બદલી રહ્યા છે. જો કે કેટલાક હોટેલોમાં હજુ શરાબ ઉપલબ્ધ છે. ગયા સપ્તાહમાં જ કેરળ સરકારે નવી શરાબ પ્રતિબંધ નિતી રજૂ કરી હતી. જેના ભાગરૂપે જણાવવામાં આવ્યું હતું કે માત્ર ફાઈવ સ્ટાર હોટેલોમાં જ શરાબ મળી શકશે. રાજ્ય સરકારની નવી નિતીના કારણે રાજ્યમાં રૂમોમાં શરાબનુ વેચાણ કરતા લોકોને ફટકો પડ્યો હતો. તેમની દુકાને બંધ કરી દેવાની ફરજ પડી હતી.

સ્થાનિક પ્રવાસી માટે કેરળ હમેંશા હોટફેવરીટ સ્થળ તરીકે છે. ડ્રાય દિવસના નિર્ણય બાદથી પ્રવાસીની યોજના હવે બદલાઈ રહી છે. મુંબઈ અને અન્ય મોટા શહેરોમાં રહેતા લોકો તેમની યોજના બદલી ચુક્યા છે. કેરળ સરકાર આ નિર્ણયના કારણે મોટી સંખ્યામાં પ્રવાસી આવક ગુમાવે તેવી શક્યતા છે. કેરળને જંગી આવક પણ શરાબના કારણે થતી હતી પરંતુ હાલમાં કેરળ સરકારે નીવ નિતી અમલી બનાવી છે. જેથી તે પોતે પણ હજારો કરોડ મહેસલ તરીકે ગુમાવનાર છે.

**ઓપરેશન બ્લુસ્ટારની ૩૧મી વરસી**

## ઓપરેશન બ્લુસ્ટારનો આદેશ ઈન્દિરા ગાંધીએ આપ્યો હતો

નવી દિલ્હી, તા.૦૬

સ્વર્ણ મંદિર સંકુલમાં આર્મીના ઓપરેશન બ્લુસ્ટારની આજે ૩૧મી વરસી છે. આ દિવસે ઓપરેશન બ્લુસ્ટારની ઘટનાને યાદ કરવામાં આવી હતી. ઓપરેશન બ્લુસ્ટાર ખૂબ જ દિલધડક ઘટના હતી. ત્રીજી-આઠમી જૂન ૧૯૮૪ના દિવસે આ ઓપરેશન બ્લુસ્ટાર ચાલ્યું હતું. તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરાગાંધીએ ઓપરેશન બ્લુસ્ટાર માટેનો આદેશ કર્યો હતો. અમૃતસરમાં હરમીન્દર સાહિબ ઉપર અંકુશ મુકવાના હેતુસર આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને જરનેલસિંહ ભીન્દ્રાનવાલાને દૂર કરી દેવામાં આવ્યા હતા. સંકુલ ઈમારતમાંથી ભીન્દ્રાનવાલા ઉપરાંત તેમના સશસ્ત્ર હુમલાખોરોને પણ દૂર કરવામાં આવ્યા હતા. ભીન્દ્રાનવાલાએ અગાઉ હરમીન્દર સાહિબમાં અંકુશ મેળવ્યો હતો અને એપ્રિલ ૧૯૮૦માં તેમાંથી હેડક્વાટરની જવાબદારી અદા કરી હતી. ઓપરેશન બે ભાગમા હાથ ધરવામાં આવ્યું હતું. ભારતીય સેના દ્વારા આ ઓપરેશન હાથ ધરાયું હતું. આમાં ટેન્ક, હેલીકોપ્ટરો, રસાયણિક હથિયારો પણ લઈ જવામાં આવ્યા હતા. ભારતીય સૈનિકોના પક્ષોએ પણ આમા મોટી ખુવારી થઈ હતી. આંકડો ખૂબ મોટો નિકળ્યો હતો. ૮૩ના મોત અને ૨૨૦ ઘાયલોનો આંકડો આવ્યો હતો.ભારત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડામાં ૪૯૨ નાગરીકોના મોત દર્શાવવામાં આવ્યા હતા. જ્યારે બિનસત્તાવાર રીતે ૫ હજાર મોતનો આંકડો મુકાયો હતો. ઓપરેશનના ચાર મહીના બાદ ૩૧મી ઓક્ટોબર ૧૯૮૪ના દિવસે ઈન્દિરાગાંધીની હત્યા કરી દેવામાં આવી હતી. દર વર્ષે ઓપરેશન બ્લુસ્ટારની વરસીએ તેને યાદ કરવામાં આવે છે. ઈન્દિરા ગાંધીએ આ આદેશ આપ્યો હતો. જેના કારણે શિખ સમુદાયના લોકોમાં તેમના પ્રત્યે ભારે નારાજગી ફેલાઈ ગઈ હતી.

## બિહારમાં માઓવાદીનો હુમલો જોરદાર તોડફોડ

મુઝફ્ફરપુર,તા. ૬

સશસ્ત્ર માઓવાદીઓએ આજે બિહારના કામતોલ ગામ નજીક સિવિલ એન્જિનિયરિંગ કંપની ગમ્મોન ઈન્ડિયાના કેમ્પ ઉપર ભીષણ હુમલો કરી દીધો હતો અને કેટલાક વાહનોની તોડફોડ કરી હતી. કન્સ્ટ્રક્શન મશીનરીને નુકસાન પહોંચાડ્યું હતું. આશરે ૧૦૦ જેટલા સશસ્ત્ર માઓવાદીઓએ આ કેમ્પને ચારેબાજુથી ઘેરી લીધા બાદ હુમલો શરૂ કર્યો હતો. તમામ ગાર્ડને બાનમાં પકડી લીધા હતા. કેમ્પમાં રહેલા વાહનોને આગ ચાંપી દીધી હતી. કન્સ્ટ્રક્શન મશીનરીને સળગાવી દીધી હતી. મુઝફ્ફરપુરના પોલીસ અધિકારીએ કહ્યું છે કે, હુમલામાં કોઈ ખુવારી થઈ નથી પરંતુ આ બનાવમાં કોઈ માઓવાદીની ધરપકડ પણ કરાઈ નથી. નુકસાન પામેલા વાહનોમાં ચાર મોટા ડમ્પર ટ્રકનો પણ સમાવેશ થાય છે. બે એસયુવીનો સમાવેશ થાય છે. કંપની કેમ્પના સાઈડ મેનેજર આરકે સિંહની હુમલામાં સંદર્ભમાં પુછપરછ કરવામાં આવી રહી છે. માઓવાદીઓ દ્વારા વારંવાર આ પ્રકારના હુમલાઓ કરવામાં આવે છે.

## ચીન : ક્રુઝ જહાજ ડુબવાના બનાવમાં મૃતાંક વધી ૩૯૬

બેજિંગ,તા. ૬

મધ્ય ચીનમાં એશિયાની સૌથી લાંબી નદી યાંગત્સી નદીમાં યાત્રી જહાજની જળસમાધીના બનાવમાં મોતનો આંકડો વધીને હવે ૩૯૬ સુધી પહોંચી ગયો છે. બચાવ અને રાહત કામગીરી હજુ પણ ચાલી રહી છે. કારણ કે બચાવ કામમાં વ્યસ્ત કર્મચારીઓ માની રહ્યા છે કે કેટલાક જીવિત લોકો મળી શકે છે. ચીનના ક્રુઝ જહાજ ડુબી જવાના બનાવમાં આજે બચાવ કર્મચારીઓને વધુ સેંકડો મૃતદેહો હાથ લાગ્યા હતા. બીજી બાજુ અનેક લોકોના ભાવિ હજુ સુધી જાણી શકાયા નથી. છેલ્લા ૭૦ વર્ષની સૌથી મોટી જહાજ દુર્ઘટના તરીકે આને જોવામાં આવે છે. પહેલી જુનના દિવસે જહાજની જળસમાધીના બનાવ બાદ બચાવ અને રાહત કામગીરી હજુ પણ ચાલી રહી છે. જહાજની જળસમાધીના એક દિવસ બાદ હજુ પણ સેંકડો લોકો લાપતા થયેલા છે. ખરાબ હવામાન અને વરસાદની પ્રતિકુળ સ્થિતી વચ્ચે પણ ૪૦૦૦થી વધારે લોકો બચાવ કામગીરીમાં લાગેલા છે. બચાવ કામગીરીમાં ભારે વરસાદ અડચણરૂપ છે. બચાવ અને રાહત કામગીરીમાં પોલીસ, ફાયર ફાઈટર અને સેનાના જવાનો લાગેલા છે. બનાવના દિવસે ચાર માળના આ જહાજમાં ૪૫૬ યાત્રીઓ હતા. જેમાં ૪૦૫ યાત્રીઓ અને ૪૬ ક્રુ મેમ્બરોનો સમાવેશ થાય છે. પાંચ ટુર ગાઈડ પણ હતા. મોટા ભાગના યાત્રીઓ શંગાઈના હતા. મોટા ભાગના લોકોની વય ૬૦ અને ૭૦ વર્ષની વયના હોવાનુ જાણવા મળ્યું છે. ચક્રવાતી વાવાઝોડાના કારણે આ બનાવ બન્યો હતો. દોંગફાંગઝિશિંગ અથવા તો ઈસ્ટર્ન સ્ટાર નામના જહાજમાં સેંકડો યાત્રીઓ હતા. આ જહાજ નાનઝિંગથી ચોંગચિંગ તરફ જતી વેળા આ દુર્ઘટના સર્જાઈ હતી. ચક્રવાતના સકંજામાં આવી ગયા બાદ આ દુર્ઘટના સર્જાઈ હતી. ચીનના વડાપ્રધાન લી ક્વિંગ બચાવ કામગીરી પર પોતે નજર રાખી રહ્યા છે. જહાજ જળસમાધી હોનારતમાં બચી ગયેલા લોકોમાં કેપ્ટન અને ચીફ એન્જિનિયરનો સમાવેશ થાય છે. દરમિયાન મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે ૧૨૦૦થી વધારે લોકો એકત્રિત થયા હતા. મૃતદેહો તેમના પરિવારને સોંપતા પહેલા ડીએનએ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

**ગૃહમંત્રાલય દ્વારા તૈયાર ડોઝિયર ટૂંકમાં પાકિસ્તાનને અપાશે**

## દાઉદ, સઈદ, લખવી મુદ્દે વધુ એક ડોઝિયર તૈયાર : પાક ઉપર દબાણ

નવીદિલ્હી,તા. ૬

અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ, જમાત ઉદ દાવાના વડા હાફિઝ સઈદ, મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ ઝાકી ઉર રહેમાન લખવી અને અન્ય ત્રાસવાદીઓના મુદ્દે નવેસરથી ડોઝિયર તૈયાર કરવામાં કેન્દ્રીય ગૃહમંત્રાલય સફળ રહ્યું છે. આ ડોઝિયર હવે પાકિસ્તાનને આપવામાં આવશે જેમાં તેમની અવરજવર, લોકેશન અંગે પુરતી માહિતી આપવામાં આવશે. પાકિસ્તાન ઉપર તીવ્ર દબાણ વધારવા માટે આ રણનીતિ તૈયાર કરવામાં આવી છે. આજે દાવો કરવામાં આવ્યો હતો કે, પાકિસ્તાન તરત પગલા લે તેવી રજૂઆત કરવામાં આવી રહી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ ડોઝિયરમાં તેમની સંપત્તિ, નિવાસી સરનામા અને પાકિસ્તાનમાં તેમની અવરજવર અંગેની માહિતી આપવામાં આવી છે. આ ત્રણેય ત્રાસવાદીઓ દ્વારા જ્યાં જ્યાં પણ તેમના અડ્ડા છે જ્યાં ક્યા પણ જાય છે તેમના ૨૦થી વધુ સરનામાની યાદી પણ તૈયાર કરવામાં આવી છે. વિદેશમંત્રાલયને આ ડોઝિયર મોકલી દેવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા આ ડોઝિયર વિદેશ મંત્રાલયને સોંપી દેવામાં આવ્યા બાદ પાકિસ્તાન સમક્ષ આ મામલો ઉઠાવવામાં આવતા ગયા મહિને જ કેન્દ્ર સરકારે પાકિસ્તાન પાસેથી ડોન દાઉદ ઈબ્રાહિમના અડ્ડા અંગે માહિતી માંગી હતી. સાથે સાથે તેના બેંક ખાતાઓ અંગે પણ માહિતી માંગી હતી. બેંક ખાતાઓ ફ્રીઝ કરવાની ભલામણ કરી હતી. અહેવાલ મુજબ ગૃહમંત્રાલયના સૂત્રોએ કહ્યું છે કે, પાકિસ્તાનના ઓછામાં ઓછા ૧૦ બેંક ખાતાઓની ઓળખ કરી દેવામાં આવી છે જે દાઉદ સાથે સંબંધ ધરાવે છે. ઈન્ટેલીજન્સ સંસ્થાઓ દ્વારા આ બેંક ખાતાઓ ઓળખી કાઢવામાં આવ્યા છે. હવાલા લેવડદેવડ અંગે પણ માહિતી મળી ચુકી છે. આતંકવાદીઓની ફંડિંગના સંદર્ભમાં પણ માહિતી મળી રહી છે. તેમના શંકાસ્પદ બેંક ખાતાઓ ઉપર છેલ્લા કેટલાક સમયથી નજર રાખવામાં આવી હતી. દાઉદના મામલે પાકિસ્તાન ઉપર મોદી સરકારે છેલ્લા કેટલાક દિવસથી તીવ્ર દબાણ વધારી દીધું છે. આંતરરાષ્ટ્રીય મંચ ઉપર પાકિસ્તાનને ખુલ્લુ પાડી દેવાના પ્રયાસો પણ મોદી સરકારે કરી લીધા છે. મોદી સરકાર દાઉદના મામલે કોઈ બાંધછોડ કરવા ઈચ્છુક નથી.

સરકાર પહેલાથી જ કહી ચુકી છે કે, મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ અને મુંબઈમાં સિરિયલ બ્લાસ્ટના મુખ્ય આરોપીને પકડીને ઝંપીશું. પાકિસ્તાન ઉપર અમેરિકા મારફતે પણ દબાણ વધારવામાં આવી રહ્યું છે. પડોશી દેશો પણ જોરદારરીતે સક્રિય થઈ ચુકયા છે. આજકારણસર પાકિસ્તાન હવે આંતરરાષ્ટ્રીય મંચ ઉપર અલગ પડી જાય તેમ માનવામાં આવે છે.

**આગામી છ મહિના સુધી સતત ઘટાડો થઇ શકે**

## પેટ્રોલ-ડીઝલની કિંમતમાં સતત ઘટાડો થવાના સંકેત

**તેલ ઉત્પાદક દેશોના ગ્રુપ ઓપેક મિટિંગમાં તેલના મન મુજબ ઉત્પાદનને લઈને સહમતી : ભારતને મોટી રાહત**

નવીદિલ્હી,તા. ૬

આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતો ઓછી રહેવાના કારણે છેલ્લા થોડાક દિવસ પહેલા ભારતના ગ્રાહકોને સીધો ફાયદો થયો હતો. પરંતુ હવે ફરી એકવાર સારા સમાચાર છે. કારણ કે આવનાર છ મહિના સુધી પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો થઈ શકે છે. તેલનુ ઉત્પાદન કરતા દેશોના ગ્રુપ ઓપેકની શુક્રવારે મહત્વપૂર્ણ બેઠક થઈ હતી. જેમાં તેલનુ મન મુજબ ઉત્પાદન કરવાના મામલે સહમતી થઈ હતી. બેઠકમાં ઈરાન તરફથી તેલ ઉત્પાદન વધારી દેવા અને તેના કારણે દુનિયામાં કિંમતોમાં ઘટાડાની સંકાને લઈને તમામ સભ્ય દેશ ચિંતિત દેખાયા હતા. પરંતુ તમામ દેશો અંતે મન મુજબ ઉત્પાદનને લઈને સહમત થઈ ગયા હતા. ઓપકેના સભ્ય દેશોએ કહ્યું હતું કે તેઓ બજારની સ્થિતીને લઈને ખુશ છે. હાલમાં પ્રવાહ ખુબ હકારાત્મક છે. ઓપેકના દેશોએ કહ્યું હતું કે અમે બજારની વાસ્તવિક સ્થિતીને સમજી રહ્યા છીએ. અમે આ વાતને ખુશી સાથે સ્વીકાર કરી રહ્યા છીએ કે બજારમાં કિંમત ૧૦૦ ડોલર પ્રતિ બેરલ છે. આવનાર છ મહિના સુધી કિંમત ૧૦૦ ડોલર પ્રતિ બેરલથી ઉપર જાય તેવી શક્યતા દેખાઈ રહી નથી. સાઉદી અરેબિયાના પેટ્રોલિયમ પ્રધાન અલી અલ નાઈમીએ કહ્યું છે કે તમામ સભ્ય ઉત્પાદનને લઈને એક સમાન નિતી પર રાજી થયા હતા. હવે કિમતો વધારી દેવા માટે ઉત્પાદન ઘટાડી દેવાની નિતી પર પણ કામ થશે નહી. ઓપેક દેશોની આગામી બેઠક હવે ચાર ડિસેમ્બરના દિવસે યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે જાન્યુઆરીમાં ક્રુડ ઓઈલની કિંમત ૪૫ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ હતી. ઓપેક દેશોની સહમતી બાદ હવે ભારત જેવા દેશ માટે નવી આસા જાગી છે. ભારત જેવા દેશને મોટા પાયે આયાત પર આધાર રાખવાની ફરજ પડે છે. જેથી સ્થિતી હળવી બની શકે છે.